પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૮ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૯, બુધવાર; પોષ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રામ મંદિર મુદ્દે કેન્દ્ર સુપ્રીમના દ્વારે

**કેન્દ્ર સરકારે બિન-વિવાદિત જમીન માગી : અયોધ્યામાં માત્ર ૨.૭૭ એકર જમીન પર વિવાદ છે : વિવાદાસ્પદ જમીન છોડીને બાકી પર યથાસ્થિતી દુર કરવાની માંગ : જમીન પરત કરવાની મોદી સરકારની માંગથી મંદિર મુદ્દે નવી ગરમી**

નવી દિલ્હી, તા.૨૯

રામજન્મભૂમિ વિવાદના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આખરે મોટુ પગલુ લીધુ છે. મોદી સરકારની આ હિલચાલને ખુબ નિર્ણાયક ગણવામાં આવે છે. સરકારે આજે અયોધ્યા વિવાદ મામલામાં વિવાદાસ્પદ જમીનને છોડીને બાકી જમીનને પરત કરવા અને તેના પર જારી યથાસ્થિતીને દૂર કરવા માટેની માંગ કરી છે. આને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. સરકારે પોતાની અરજીમાં ૬૭ એકર જમીનમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## ૬૭ એકર જમીન પરત માટેની અરજીનું વિહિપ, સંતો દ્વારા સ્વાગત

નવી દિલ્હી, તા. ૨૯

લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી આપીને અયોધ્યાના બિનવિવાદાસ્પદ જમીન પર યથાસ્થિતિ દૂર કરવાની માંગ કર્યા બાદ આને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે. અયોધ્યાના સાધુ સંતો અને બંને પક્ષોના સંબંધિત લોકો દ્વારા પ્રતિક્રિયાઓ આપવામાં આવી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્ર યોગી આદિત્યનાથે પણ સરકારની અરજીનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે, અમે કેન્દ્રના પગલાનું સ્વાગત કરીએ છીએ. અમે પહેલા પણ કહી ચુક્યા છે કે, બિન વિવાદાસ્પદ જમીનનો ઉપયોગ કરવાની મંજુરી મળવી જોઈએ. કેન્દ્ર સરકારની ૬૭ એકરની જમીનની વાપસીની અરજી પર રામ જન્મભૂમિ

● અનુસંધાન પાન-૭ પર



## અરજી કરવા પાછળની કેન્દ્ર સરકારની યોજના શું હોઈ શકે

નવીદિલ્હી, તા. ૨૯

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજીમાં ૧૯૯૩માં અધિગ્રહિત ૬૭ એકર જમીનને બિનવિવાદાસ્પદ ગણાવીને આને તેના માલિકોને પરત કરવાની માંગ કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટે ૨૦૧૦માં ૨.૬૭ એકર જમીનને વિવાદાસ્પદ ગણાવીને ત્રણ હિસ્સામાં વિભાજિત કરી હતી. હવે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જે અરજી દાખલ કરી છે જેમાં ૦.૩૧૩ એકર જમીનને વિવાદાસ્પદ ગણાવી છે. સંબંધિત પક્ષોને પરત કરવા માટે અપીલ કરવામાં આવી છે. આમા ૬૭ એકર જમીનમાં રામજન્મભૂમિ ન્યાસની ૪૨ એકર જમીન છે. સરકારના આ પગલાને વટહુકમ લાવ્યા વિના બિનવિવાદાસ્પદ જમીન પર મંદિર નિર્માણનો રસ્તો સાફ કરવાના પ્રયાસ તરીકે ગણવામાં આવે છે.

# દુષ્કાળગ્રસ્ત રાજ્યો માટે કેન્દ્રનું રૂ. ૬૬૮૦ કરોડનું પેકેજ

ન્યુ દિલ્હી,તા.૨૯

કેન્દ્ર સરકારે દુષ્કાળગ્રસ્ત રાજ્યોની માંગણીને ધ્યાનમાં રાખીને રૂ. ૬૬૮૦ કરોડનું રાહત પેકેજ મંજૂર કર્યું છે. કેન્દ્રીય કૃષિ મંત્રી રાધા મહોન સિંઘે ટ્વિટ કરીને આ અંગેની જાણકારી આપી હતી. રાહત મેળવનારા રાજ્યોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક આંધ્રદેશ સહિતના રાજ્યોનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારે જાહેર કરેલા રાહત પેકેજમાં સૌથી વધારે સહાય મહારાષ્ટ્રને આપવામાં આવી છે. મહારાષ્ટ્રને રાહત સહાય તરીકે રૂ. ૪૭૦૦ કરોડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ઉપરાંત આંધ્ર પ્રદેશના રૂ. ૯૦૦ કરોડ અને કર્ણાટકને રૂ. ૯૫૦ કરોડની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રીએ એક ટ્વિટમાં લખ્યું કે, "મને કહેતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકારે અછતગ્રસ્ત કર્ણાટક માટે રૂ. ૯૪૯.૪૯ કરોડ તેમજ મહારાષ્ટ્ર માટે રૂ. ૪૭૧૪.૨૮ કરોડ આપવાની જાહેરાત કરી છે. આ રકમ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ખરીફ પાક માટે જાહેર કરવામાં આવી છે."

બીજા એક ટ્વિટમાં કેન્દ્રીય મંત્રીએ લખ્યું છે,"કેન્દ્ર સરકારે અછતગ્રસ્ત આંધ્રપ્રદેશ માટે રૂ. ૯૦૦.૪૦ કરોડ અને ગુજરાત માટે રૂ. ૧૨૭.૬૦ કરોડ આપવાની જાહેરાત કરી છે."

### કયા રાજ્યને કેટલી સહાય

મહારાષ્ટ્ર: દુષ્કાળની સહાય પેટે રૂ.૪૭૦૦ કરોડ
કર્ણાટક: દુષ્કાળની સહાય પેટે રૂ.૯૫૦ કરોડ
આંધ્ર પ્રદેશ: દુષ્કાળની સહાય પેટે રૂ.૯૦૦ કરોડ
ગુજરાત: દુષ્કાળની સહાય પેટે રૂ.૧૨૭ કરોડ
પુડુચેરી: સાયક્લોન હોનારતની સહાય પેટે ૧૩.૯ કરોડ
ઉત્તર પ્રદેશ: પૂર હોનારતની સહાય પેટે ૧૯૧.૭૩ કરોડ
હિમાચલ પ્રદેશ: પૂર હોનારતની સહાય પેટે ૩૧૭.૪૪ કરોડ

## પાકિસ્તાનમાં પ્રથમ હિન્દુ મહિલા જજ સુમન કુમારી

ઈસ્લામાબાદ,તા.૨૯

સુમન કુમારી પાકિસ્તાનમાં કોર્ટમાં જસ્ટિસ તરીકે નિયુક્ત થનાર પ્રથમ હિન્દુ મહિલા બન્યા છે. કમ્બર-શાહદકોટ નિવાસી સુમન પોતાના પિતૃક જિલ્લામાં જ જસ્ટિસ તરીકે સેવા આપશે. ડોન ન્યૂઝ મુજબ તેઓ હૈદરાબાદથી એલએલબી અને કરાચીની સૈયદ જુલ્ફિકાર અલી ભુટ્ટો વિજ્ઞાન અને તકનીકી સંસ્થાથી કાયદામાં સ્નાતકોત્તરનો અભ્યાસ કર્યો છે.

## ન્યુઝ ટ્રેક

### પ્રિયા રામાણીને સમન્સ

પૂર્વ કેન્દ્રીય વિદેશ રાજયમંત્રી એમ.જે. અકબર પર યૌન શોષણનો આરોપ લગાવનાર પત્રકાર પ્રિયા રામાણીને પટિયાલા હાઉસકોર્ટે આરોપી તરીકેનું સમન્સ મોકલ્યું છે. અપરાધિક માનહાનિના મામલામાં તેમને ૨૫ ફેબ્રુઆરીએ પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થવું પડશે.

### ગંગા એક્સપ્રેસ વેને મંજુરી

ઉત્તરપ્રદેશની આદિત્યનાથ સરકારે પ્રયાગરાજને પશ્ચિમી ઉત્તર પ્રદેશ સાથે જોડવા દુનિયાના સૌથી મોટા એકસપ્રેસ વે-ગંગા એકસપ્રેસ વેને સૈધ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ૧૨ જિલ્લાઓમાંથી પસાર થનાર આ એકસપ્રેસ વે માટે ૩૬ હજાર કરોડનો ખર્ચ થશે.

### બીટિંગ ધ રીટ્રીટ સમારોહ યોજાયો


ગણતંત્ર દિવસના સમાપન સમારંભરૂપે મનાવવામાં આવનાર બીટિંગ ધ રીટ્રીટ સમારંભ યોજાયો હતો.

# પૂર્વ રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડિઝનું નિધન

**બિહારમાં બે દિવસના રાજકીય શોકની જાહેરાત કરવામાં આવી : ફર્નાન્ડિઝ ઘણા સમયથી બિમાર હતા : વાજપેયીના નેતૃત્વ હેઠળની સરકારમાં સંરક્ષણ પ્રધાન હતા : એક આક્રમક નેતા તેમજ પ્રખ્યાત સમાજ સુધારક હતા**

નવી દિલ્હી,તા. ૨૯

વર્ષ ૧૯૭૪માં રેલ હડતાળ બાદ દેશની રાજનીતિમાં એક શક્તિશાળી નેતા તરીકે ઉભરી આવેલા પૂર્વ સંરક્ષણ પ્રધાન, જાણિતા સમાજવાદી અને પ્રખર મજદૂર નેતા જ્યોર્જ ફર્નાન્ડિઝનું આજે અવસાન થયું હતું. લાંબી માંદગી બાદ તેમનુ અવસાન થતા તેમના લાખો સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ દુખ વ્યકત કર્યુંગહતુ. આજે સવારે દિલ્હીમાં ફર્નાન્ડિઝે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓએ જોરદાર રીતે દેશમાં ઈમરજન્સી લાગુ કરવાનો વિરોધ કર્યો હતો. સંરક્ષણ પ્રધાન અને રેલવે પ્રધાન તરીકે જ્યોર્જે સેવા આપી હતી. જ્યોર્જની સમગ્ર લાઈફ અને રાજકીય કેરિયર બળવા, વિવાદ અને સફળતાના દાખલાથી ભરેલી છે. ઈમરજન્સીના ગાળા દરમિયાન જ્યોર્જે ધરપકડને ટાળવા માટે પાઘડી પહેરી હતી. શિખ વેશમાં થોડાક સમય રહ્યા હતા. જ્યારે ધરપકડ કરવામાં આવ્યા બાદ તિહાર જેલમાં કેદીઓને ગીતાના શ્લોક સંભળાવતા હતા. તેઓ આઠથી વધારે ભાષા જાણતા હતા.



● અનુસંધાન પાન-૭ પર

## નિખાલસ, સાહસી અને આક્રમક નેતા ગુમાવ્યા : મોદી

### નીતિશકુમાર અવસાનના સમાચાર સાંભળીને રડી પડ્યા

નવીદિલ્હી, તા. ૨૯

શક્તિશાળી સમાજ સુધારક અને પૂર્વ સંરક્ષણમંત્રી જ્યોર્જ ફર્નાન્ડિઝનું આજે અવસાન થયું હતું. ફર્નાન્ડિઝના અવસાનથી આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર સહિત તમામ હસ્તીઓએ તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઘાત વ્યક્ત કરતા કહ્યું હતું કે, ફર્નાન્ડિઝ ગરીબ લોકોના અવાજને શક્તિશાળીરીતે ઉઠાવતા હતા. ફર્નાન્ડિઝે ભારતની શ્રેષ્ઠ રાજકીય લીડરશીપનું નેતૃત્વ કર્યું હતું. નિખાલસ, નીડર અને શક્તિશાળી આક્રમકતાના ગુણ ફર્નાન્ડિઝમાં રહેલા હતા. નીતિશકુમારે તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કરવાની સાથે સાથે ભાવનાશીલ બની ગયા હતા. તેમણે કહ્યું હતું કે, ફર્નાન્ડિઝ તેમના અભિવાદ તરીકે હતા અને એક અભિવાવક ગુમાવી દીધા છે.

## મનોહર પારિકર સાથે રાહુલની મુલાકાતથી રાજકારણ ગરમાયું



પણજી,તા.૨૯

રાફેલ ડીલમાં પૂર્વ રક્ષા મંત્રી મનોહર પર્રિકર પર સતત હુમલો કરનારા રાહુલ ગાંધીએ આજે ગોવાના સીએમ સાથે મુલાકાત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષે સીએમ ઓફિસમાં જઈને બીમાર મનોહર પર્રિકર સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. કેન્સરની બીમારી સામે ઝઝૂમી રહેલા પર્રિકર હાલ સક્રિય છે અને સરકારી કાર્યભાર સંભાળી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષે ટ્વીટ કરીને આને ખાનગી મુલાકાત ગણાવી હતી તેમણે જણાવ્યું હતું કે, ગોવાના સીએમના ઝડપી સ્વસ્થ થવાની આશા કરીએ છે. રાહુલે ટ્વીટ કરીને લખ્યું કે, આજે સવારે મેં ગોવાના સીએમ સાથે મુલાકાત કરી હતી અને આ એક શુભેચ્છા મુલાકાત હતી. હું તેઓ ઝડપથી સાજા થઈ જાય તેવી આશા કરું છું. નોંધનીય છે કે, શિયાળું સત્રમાં રાહુલ ગાંધીએ રાફેલ ઓડિયો ટેપને લઈને મનોહર પર્રિકરનું નામ લઈને સંસદમાં હોબાળો કર્યો હતો. રાહુલના આરોપો પર પર્રિકર પણ પલટવાર કરી ચૂક્યા છે. જો કે, આ શુભેચ્છા મુલાકાતમાં બન્ને વચ્ચે શું વાત થઈ તેની હજુ જાણ થઈ નથી. રાહુલ ગાંધીની સાથે બીજા કોંગ્રેસના નેતા પણ હતા. જો કે, મુલાકાત માટે જતા સમયે મીડિયા સાથે રાહુલ ગાંધીએ કોઈપણ વાતચીત કર નહતી.

## રાજસ્થાનમાં લાગુ થશે ‘ન્યૂનતમ આવક ગેરંટી’

જયપુર,તા.૨૯

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ન્યૂનતમ આવક ગેરંટીના દાવ પર મંગળવારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે મોટું નિવેદન આપ્યું છે. ગેહલોતે કહ્યું છે કે આ ખૂબ સારી યોજના છે. આ ગરીબનો હક છે અને સરકાર તેને લાગુ કરશે. સીએમ ગેહલોતે ન્યૂનતમ આવક ગેરંટી પર આ નિવેદન મંગળવારે જોધપુર એરપોર્ટ પર આપ્યું.

# ગ્રેજ્યુએશનના કારખાનામાં ન જાવ, પોતાની ક્ષમતા ઓળખો : મોદી

ન્યુ દિલ્હી,તા.૨૯

દિલ્હી ખાતે આયોજિત પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે લાઈવ સંવાદ કર્યો, અનેક સવાલોના જવાબ આપ્યા. કયા વિષયમાં કઈ સ્ટ્રીમમાં કેરિયર બનાવવી? અંગે પુછાયેલા સવાલનો જવાબ આપતાં પીએમ મોદીએ કહ્યું કે, સાયન્સ મેથ્સનું પોતાનું મહત્વ છે પરંતુ અન્ય વિષયોનું પણ એટલું જ મહત્વ છે. સાયન્સ અને મેથ્સનું મહત્વ હોવા છતાં એ બાજુ જરૂરી સંખ્યા નથી એ પણ એ ચિંતાનો વિષય છે. કેટલાક લોકો એવા છે કે જે ગ્રેજ્યુએશનના કારખાનામાં જશે અને બહાર આવશે. મારી અપીલ છે કે દબાવમાં આવીને કોઈ નિર્ણય ન લેતાં. તમારી ક્ષમતાને ઓળખો અને કારકિર્દી બનાવો. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના બે હજાર વિદ્યાર્થીઓ, વડીલો અને શિક્ષકોએ ભાગ લીધો છે. આ કાર્યક્રમમાં ૯થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ સામેલ થયા. જ્યારે અમુક વિદ્યાર્થીઓ કોલેજના હતા.

દરેક સરકારી અને માધ્યમિક શિક્ષા બોર્ડની સ્કૂલ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં કાર્યક્રમના સીધા પ્રસારણની વ્યવસ્થા કરવામાં આવી. કાર્યક્રમનો ઉદ્દેશ બોર્ડની પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓને તણાવ મુક્ત કરવાનો અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતાં પીએમ મોદીએ સાયન્સ અંગે પુછાયેલા સવાલનો ઉંડાણતી જવાબ આપ્યો હતો. એમણએ કહ્યું કે, સાયન્સ મેથ્સ મહત્વના છે પરંતુ અન્ય વિષયોનું મહત્વ પણ ઓછું નથી. પરંતુ મહત્વની વાત એ છે કે ગ્રેજ્યુએશનના કારખાનામાં જવાને બદલે વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતા ઓળખીને વિષય પસંદ કરવો જોઈએ.

**‘પરીક્ષા પર ચર્ચા’ : પીએમ મોદીએ તણાવ મુક્ત રહેવાનો મંત્ર આપ્યો : રશિયા, ઈરાન સહિત ૮ દેશના વિદ્યાર્થીઓ ભાગ લીધો**




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

DANDI KUTIR THE GANDHI MUSEUM
દાંડી કુટિર - ધ ગાંધી મ્યુઝિયમ
મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન પર આધારિત વિશ્વનું સૌથી મોટું વિશાળ મ્યુઝિયમ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં.....
82 મિનિટના અભૂતપૂર્વ મલ્ટીમીડિયા પ્રદર્શનનો રોમાંચક અનુભવ :
● ૧૪થી વધુ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો
પરિવાર, મિત્રો અને સબંધીઓ સાથે મુલાકાત લેવાનું અદભુત સ્થળ
અમદાવાદથી માત્ર ૨૦ મિનિટનાં અંતરે.
આજે જ મુલાકાત લો
મંગળવાર થી રવિવાર | સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૫.૦૦ કલાક | (સોમવારે બંધ રહેશે)
દાંડી કુટિર, મહાત્મા મંદિર, ગાંધીનગર : ૩૮૨૦૧૬, ગુજરાત, ભારત.
info@dandi-kutir.com | www.dandi-kutir.com | 079 232 55793
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી
સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955